અમદાવાદમાં કેસની સંખ્યા ૧૦ હજારને પાર

૨૪ કલાકમાં નવા ૩૯૬ કેસ ૨૮૯ લોકોને ડિસ્ચાર્જ કર્યા : છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં ૨૭૭ કેસ : ૧૭૮૦૬૮ ટેસ્ટ, ૧૩૬૬૯ પોઝિટિવ અને ૧૬૪૩૯૯ ટેસ્ટ નેગેટિવ : છેલ્લા ૨૪ કલાકમાં ૨૭ના મૃત્યુ થયા છે

ગાંધીનગર,તા.૨૩

ગુજરાત રાજયમાં કોરોનાની મહામારી ઓછી થવાનું નામ જ નથી લઈ રહ્યું. અમદાવાદમાં પણ કોરોનાના કેસો દિવસને દિવસે વધતા જ જઈ રહ્યા છે. કોરોના મહામારી ચાલી રહી છે ત્યારે સરકારે પણ અમુક વિસ્તારોને ખોલી કાઢ્યા છે. લોકોને પણ સાવચેત રહેવાની જરૂર છે. ભીડભાડ ન કરવું, વારંવાર હાથ ધોવાની જરૂર છે. રાજયમાં કોરોનાના કેસોમાં જરા પણ ઘટાડો નોંધાઈ રહ્યો નથી. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં નવા ૩૯૬ કેસ નોધાયા છે, જ્યારે ૨૭ લોકોના મોત થયા છે, તો ૨૮૯ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી કોરોનાની અપડેટ વિગતો અનુસાર રાજ્યમાં કુલ પોઝિટિવ કેસોની સંખ્યા ૧૩૬૬૯૯ જ્યારે મૃત્યુઆંક ૮૨૯એ પહોંચ્યો છે. રાજયમાં ૬૧૬૯ દર્દીઓને અત્યાર સુધીમાં રજા આપવામાં આવી છે. રાજયમાં નવા નોંધાયેલા કેસોમાં અમદાવાદમાં ૨૭૭, સુરતમાં ૨૯, વડોદરામાં ૩૫, ગાંધીનગરમાં ૯, જૂનાગઢ ૮, ગીર-સોમનાથ ૬, અવલ્લીમાં ૫, રાજકોટ-મહેસાણામાં ૪-૪, આણંદ- તાપીમાં ૩-૩, મહીસાગર, ખેડા, પાટણ, સુરેન્દ્રનગર અને અમરેલીમાં ૨-૨, મોરબી, પોરબંદર, નવસારીમાં ૧-૧ કેસ નોંધાયા છે. અત્યારસુધીમાં ૧૩૬૬૯ પોઝિટિવ કેસ નોધાયા છે.

જેમાંથી ૭૩ વેન્ટિલેટર પર, ૬૫૯૮ની હાલત સ્થિર, ૬૧૬૯ ડિસ્ચાર્જ થયા છે, જ્યારે ૮૨૯ લોકોના મોત થયા છે. રાજયમાં અત્યારસુધીમાં ૧૭૮૦૬૮ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાંથી ૧૩૬૬૯ પોઝિટિવ જ્યારે ૧૬૪૩૯૯ના ટેસ્ટ નેગેટિવ આવ્યા છે. દિવસે ને દિવસે જ્યારે કોરોના વાયરસના કેસો વધી રહ્યા છે ત્યારે લોકોમાં પણ ભયનો માહોલ ફેલાઈ ગયો છે. કોરોના વાયરસના કારણે લોકો કામ વગર બહાર જવાનું ટાળી રહ્યા છે.

ક્યા જિલ્લામાં કેટલા કેસ

શહેર	કેસ	મૃત્યુ	ડીસ્ચાર્જ
અમદાવાદ	૧૦૦૦૧	૬૬૯	૩૮૬૪
સુરત	૧૨૮૫	૬૦	૮૭૮
વડોદરા	૮૦૬	૩૫	૪૯૦
ગાંધીનગર	૨૧૦	૧૨	૧૧૩
ભાવનગર	૧૧૪	૦૮	૮૮
બનાસકાંઠા	૯૯	૦૪	૭૮
આણંદ	૯૦	૦૯	૭૫
રાજકોટ	૮૭	૦૨	૫૫
અરવલ્લી	૯૮	૦૩	૭૭
મહેસાણા	૯૯	૦૪	૫૪
પંચમહાલ	૭૨	૦૬	૬૩
બોટાદ	૫૬	૦૧	૫૪
મહીસાગર	૭૯	૦૧	૪૦
ખેડા	૫૯	૦૩	૨૯
પાટણ	૭૧	૦૪	૨૯
જામનગર	૪૬	૦૨	૩૧
ભરૂચ	૩૭	૦૩	૨૮
સાબરકાંઠા	૬૩	૦૩	૨૦
ગીર-સોમનાથ	૪૪	૦૦	૦૩
દાહોદ	૩૨	૦૦	૧૮
છોટાઉદેપુર	૨૨	૦૦	૧૭
કચ્છ	૬૪	૦૧	૧૨
નર્મદા	૧૫	૦૦	૧૩
દેવભૂમિ દ્વારકા	૧૨	૦૦	૧૧
વલસાડ	૧૮	૦૧	૦૪
નવસારી	૧૫	૦૦	૦૮
જૂનાગઢ	૨૬	૦૦	૦૪
પોરબંદર	૦૬	૦૦	૦૪
સુરેન્દ્રનગર	૨૩	૦૦	૦૩
મોરબી	૦૩	૦૦	૦૨
તાપી	૦૬	૦૦	૦૨
ડાંગ	૦૨	૦૦	૦૨
અમરેલી	૦૪	૦૦	૦૦
અન્ય રાજ્ય	૦૫	૦૦	૦૦
કુલ	૧૩૬૬૯	૮૨૯	૬૧૬૯

મહેસાણા જિલ્લામાં અન્ય જિલ્લા, રાજ્ય કે દેશમાંથી આવતા લોકોની ઓનલાઈન એન્ટ્રી

મહેસાણા, ૨૩

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણ અટકાયતી પગલાંના ભાગરૂપે જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય. દક્ષિણીના માર્ગદર્શનથી જિલ્લાના તમામ ગામોમાં તલાટી દ્વારા બહારથી આવતા લોકોની ઓનલાઈન એન્ટ્રી કરવામાં આવે છે. આ પ્રયોગના ભાગરૂપે મહેસાણા જિલ્લામાં છેલ્લા દિવસોમાં અન્યત્રથી આવતા નાગરિકોની એન્ટ્રી કરી ગામ અને તેમના આરોગ્યની ચિંતા કરાઈ રહી છે.

સરકાર દ્વારા લોકડાઉન ૪ના ભાગરૂપે જિલ્લામાં આવન-જાવન માટે છુટ આપવામાં આવી છે. જેના પગલે મોટાભાગના લોકો અન્ય જિલ્લા, રાજ્ય કે દેશમાંથી પોતના વતન પરત ફરી રહ્યા છે. જિલ્લામાં આ તમામ લોકોનું ટ્રેસીંગ થાય તે હેતુથી પોર્ટલ તૈયાર કરાયું છે. આ પોર્ટલમાં ગામના તલાટીઓ દ્વારા ગામમાં પ્રવેશતા નાગરિકોની સેલફોન કે કોમ્પ્યુટર મારફતે એન્ટ્રી કરવામાં આવે છે. રાજ્યમાં આ પ્રકારના કરાઈ રહેલા પ્રયોગથી ગામ અને જિલ્લામાં પ્રવેશતા નાગરિકોના સ્વાસ્થયની વિશેષ ચિંતા કરાઈ રહી છે.

જિલ્લા પંચાયના તકનીકી વિભાગ દ્વારા જિલ્લાના ગામામાં પ્રવેશતા નાગરિકો માટે ખાસ એપ્લીકેશન તૈયાર કરાઈ છે. આ એપ્લીકેશન જિલ્લાના તમામ ગામોના તલાટી કમ મંત્રીઓ દ્વારા તેમના સેલફોન અને કોમ્પ્યુટરમાં ઈન્સ્ટોલ કરાઈ છે. આ એપ્લીકેશનની ગુપ્તતા જળવાય તે માટે તેને પ્રોટેક્ટ કરાઈ છે જેમાં તમામ તલાટીઓને યુઝર આઈ ડી અને પાસવર્ડ આપવામાં આવેલ છે.

મહેસાણા જિલ્લાના ગામોમાં પ્રવેશતા તમામ નાગરિકોના સ્વાસ્થયની ચિંતા કરતી ૧૨ મે થી શરૂ કરેલ આ ડેટા એન્ટ્રી એપ્લીકેશનમાં ૨૦ મે સુધીમાં ૪૫૫૦ એન્ટ્રી કરાઈ છે. જેમાં અન્ય જિલ્લામાંથી ૩૯૦૬,અન્ય રાજ્યમાંથી ૬૪૨ નાગરિકોની એન્ટ્રી કરાઈ છે. મહેસાણા જિલ્લામાંથી સૌથી વધુ ઉંઝા તાલુકમાં ૧૬૯૪ નાગરિકો આવેલા છે.

જિલ્લા વિકાસ અધિકારી માર્ગદર્શનથી શરૂ કરેલ આ એપ્લીકેશન થકી કોવિડ વાયર સંક્રમણ અટકાયતી પગલાં માટે મહત્વની ભુમિકા ભજવી રહી છે.

ભિલોડા ફોટોગ્રાફર એશોસીએશન દ્વારા ભિલોડા મામલતદાર કચેરીમાં આવેદનપત્ર અપાયું

કોરોના વાઈરસની મહામારીનું પ્રમાણ દિન-પ્રતિ-દિન વધતા નાના-નાના વેપારીઓને જીવન નિર્વાહ ચલાવવો ખુબ કપરૂ બની ગયું છે.કોરોના વાઈરસની કપરી પરીસ્થિતીમાં ફોટોગ્રાફરો માટે આર્થિક પેકેજ જાહેર કરવા પ્રબળ માંગ પ્રર્વતી છે.

ભિલોડા,ચિઠોડા,વિજયનગર ફોટોગ્રાફર એશોસીયેશન ધ્વારા ભિલોડા મામલતદાર કચેરીમાં મામલતદાર રમણભાઈ વણકરને આવેદનપત્ર અપાયું હતું. ભિલોડા, ચિઠોડા, વિજયનગર ફોટોગ્રાફર એશોસીયેશન પ્રમુખ હિતેશભાઈ ચૌહાણ, જીતુભાઈ પ્રજાપતિ, તન્મયભાઈ ભાવસાર, હસમુખભાઈ પંચાલએ જણાવ્યું હતું કે કોરોના વાઈરસની મહામારીને કારણે છેલ્લા બે મહિનાથી ધંધા-રોજગાર બંધ થઈ ગયા છે. ફોટાગ્રાફીને લગતું શિયાળુ સિઝનનું

કામકાજ પણ લેબો અને અન્ય જગ્યાએ લૉકડાઉનને કારણે જમા પડેલ છે.

કોરોના વાઈરસના ઉપદ્રવના કારણે લૉકડાઉન પણ લંબાતુ જાય છે.આવક બંધ છે અને રોજીંદા ખર્ચા શરૂ છે. ભિલોડા, ચિઠોડા, વિજયનગર તાલુકામાં ઉનાળા દરમ્યાન લગ્ન સિઝનમાં વધુ લગ્નો હોય છે પરંતુ કોરોના વાઈરસની મહામારીને કારણે લગ્નો હાલના તબક્કે બંધ હોઈ અને આગામી છ માસ સુધી લગ્ન સિઝનના અણસાર દેખાતા નથી ત્યારે ફોટો-વિડીયોગ્રાફી કરીને જીવન નિર્વાહ ચલાવતા ફોટોગ્રાફરોને જીવન જીવવું મુશ્કેલ થઈ રહ્યું છે.

અત્યારે સમગ્ર વિશ્વ કોરોના મહામારીનો સામનો કરી રહ્યું છે ત્યારે લોકોને પીવાના પાણીની મુશ્કેલી ન પડે તે માટે પાણી પુરવઠા અને પશુપાલન મંત્રી કુંવરજી બાવળીયા બનાસકાંઠા જિલ્લાની બે દિવસની મુલાકાતે આવ્યા છે. મંત્રીએ મુક્તેશ્વર જળાશય યોજના અને સકલાણા સહિત વડગામ તાલુકાના વિવિધ ગામોની મુલાકાત લઈ પીવાના અને સિંચાઈના પાણીની જાત માહિતી મેળવી હતી. મંત્રીએ કહ્યું કે ઉનાળાની સિઝનમાં લોકોને પીવાના પાણીની કોઈ મુશ્કેલી ન પડે તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.

ધાનેરાના ધારાસભ્ય નથાભાઈ પટેલે લોકડાઉન દરમિયાન મતદાતાઓને શુ મદદ કરી : મતદાતાઓ માંગે છે જવાબ

કોરોના નામની વિશ્વ મહામારી થી ધાનેરા વિસ્તારના લોકો પણ ત્રાહિમામ પોકારી ઉઠયા છે ૫૫ થી ૫૭ દિવસ જેટલા સમય લોકો કપરી પરિસ્થિતિનો સામનો કરી પોતાનું જીવન ગુજાર્યું હતુ ત્યારે ઘણી બધી સેવાભાવી સંસ્થા અને સેવાભાવી લોકો કપરા સમયમાં લોકોને મદદરૂપ બન્યા હતા અને લોકોને જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓની સાથે સાથે જમવાની પણ વ્યવસ્થા કરી આપી હતી ત્યારે પણ મોટો સવાલ એ ઉભો થાય છે કે જે લોકોએ ખોબલે ખોબલે મત આપી ધાનેરા તાલુકાના ધાખા ગામના નથાભાઈ પટેલ ને ધારાસભ્યો બનાવ્યા તે ધારાસભ્ય આવા કપરા સમયમાં લોકોને શું મદદ કરી..?

એન-૯૫ માસ્ક... ● ત્રીજા પાનાનું ચાલુ

કે રૂ. ૪૯.૬૧ ના એન-૯૫ માસ્ક રૂ. ૬૫માં વેચવામાં આવે છે. ભાજપના પ્રવક્તાની ટ્વીટ મુજબ તેના પર ૧૮ ટકા જીએસટી હોવાનો દાવો કરે અને તેમાં લોકડાઉન મગજવાળા ભક્તો ચર્ચા કરતાં ખબર પડી કે આમાં તો માત્ર ૫ ટકા જીએસટી છે. ત્યારબાદ આવી ટ્વીટ ડીલીટ કરે ત્યારે અગાઉ કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધીએ પણ કહ્યું હતું કે આવી આવશ્યક વસ્તુઓ પરથી જીએસટી નાબદુ કરવી જોઈએ. અબજો રૂપિયા પીએમ કેર્સમાં આવી ગયા છે ત્યારે માસ્ક જેવામાં નફાનો ધંધો ન કરવો જોઈએ તેમજ સૌથી પહેલાં મેડીકલ સાધનો પર જીએસટી લેવાનું બંધ કરીને માફી આપવી જોઈએ. ગુજરાત મેડીકલ સર્વીસ કોર્પોરેશન લીમીટેડે નક્કી કરેલા ભાવોમાં ક્યાંય ઉલ્લેખ નથી કે જીએસટી, હેન્ડલીંગ, ફોર્વડીંગ ચાર્જ વધારાનો અલગથી લેવામાં આવશે કે આપવામાં આવશે. રૂ. ૪૯.૬૧ ભાવનું એક માસ્ક રૂ. ૬૫ માં વેચાઈ છે ત્યારે મુખ્યમંત્રીએ માસ્કના ભાવો અંગે પુનઃ વિચારણા કરીને ખુલાસો કરવો જોઈએ. માસ્કના ભાવો અંગે કોઈ રાજકીય વિવાદ હોઈ જ ન શકે ત્યારે માસ્કનો ભાવ હજી નીચે જઈ શકે તેમ છે. નાગરીકોને એન-૯૫ માસ્ક ૨૫-૩૦ રૂપિયાએ ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

મોરપીંછના રંગ ● ચોથા પાનાનું ચાલુ

દીકરો કે પુત્રવધુ એમની ખબર અંતર પણ નહીં પૂછતા હોય. પણ આ કોરોનાને કારણે બે ત્રણ મહિના ઘરમાં રહી બધાની વચ્ચે આત્મીયતા ફરીથી બંધાઈ ગઈ. સોશિયલ મીડિયાને કારણે તૂટતા જતા માનવીય સંબંધોને એક જીવતદાન મળી ગયું છે. એ કોરોનાનું સૌથી મોટું માનવજાતને વરદાન છે. જે પતિ પત્ની પ્રેમ હોવા છતાય નોકરી ધંધાને કારણે પ્રેમ લૂપ થઈ રહ્યો હતો. તે પ્રેમ ફરીથી જાગૃત થયો. સૌને એકબીજાની હૂંફ મળી. સ્નેહ, લાગણી, પ્રેમ મળ્યો, જે પરિવારથી માણસ દૂર થતો જતો હતો, સંબંધો તૂટતા જતા હતા. તે બધુંફરીથી જીવંત થઈ ગયું. દૂધમાં સાકર ભળે એમ માણસ પોતાના પરિવારમાં ભળી ગયો. ભલે કોરોનાએ લાખો લોકોનો જીવ લીધો હોય પણ કરોડો પરિવારને બચાવી પણ લીધા છે. સોશિયલ મીડિયાની મહામારીમાંથી બચાવ્યા પણ છે.

પાંચમું સત્ય એ મળ્યું કે જિંદગી ખૂબ ટૂંકી છે. મૃત્યુ ગમે ત્યારે આવી શકે છે. મૃત્યુ માટે જરૂરી નથી કે હાર્ટ એટેક આવે કે કેન્સર થાય કે ડાયાબિટીસ થાય... મૃત્યુના અનેક સ્વરૂપો છે. જેના વિશે આ ૨૧મી સદી તો શું ૧૨૧મી સદી સુધી માણસ મૃત્યુના રહસ્ય વિશે જાણી શકવાનો નથી. તેથી જિંદગીમાં જે કોઈ સારા કામ કરવા હોય તે શરું કરી દેવા. અને છેલ્લું ને સૌથી મોટું સત્ય એ પણ જાણી શક્યા કે આપણે અનેક ચીજ વસ્તુઓ વિના ચલાવી, જીવી શકીએ છીએ.

મિત્રો, આ કોરોના એ મહામારી નહીં પણ મહાપરિવર્તન છે. આવનારા સમયમાં આપણને અનેક પરિવર્તનો જોવા મળશે.

9426060601.india@gmail.com

મિલ્કતવેરો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યોજનાનો લાભ લેશે તેવી આશા ટાળવામાં આવી છે.

દરમ્યાન ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલે મિલ્કતવેરા વસુલી વળતર સાથેની મુદતમાં બે માસનો વધારો કરવા માટે કરેલી રજુઆત પછી આજે વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ પણ આવો જ પત્ર મ્યુનિ. કમિશનરને પાઠવ્યો હતો. સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાએ પણ આવો પત્ર પાઠવવાની સાથે સાથે દરેક સેક્ટરમાં ખાસ બુથ કલેક્શન માટે ઉભા કરવા તેમજ લોકો સુધી તેની જાણકારી પહોંચે તેવી રીતે પ્રચાર-પ્રસાર કરવાની હિમાયત કરી છે.

જો કે મનપાના વહીવટીતંત્રએ હંમેશની જેમ મૌન જ પસંદ રાખ્યુ છે જો કે હજુ આ અવધિ પૂર્ણ થવામાં એક સપ્તાહનો સમય છે એટલે કદાચ અંતિમ દિવસોમાં ઘોષણા થશે તેમ મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ કમિશનરને લખેલા પત્રમાં જણાવ્યુ છે કે મનપાનુ જનસેવા કેન્દ્ર હાલ બંધ છે અને કોરોનાની મહામારીના આ કપરા સમયમાં લોકોને આર્થિક રાહત માટે તંત્રએ આ મુદત વધારવા સકારાત્મક અભિગમ દાખવી આગળ આવવુ પડશે.

શહેરમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ વૃદ્ધોને પણ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. સે. ૩૦ના છાપરા વિસ્તારની એક પ્રસુતાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ પ્રસુતા મહિલાની સફળતાપૂર્વક પ્રસુતી થયા બાદ તેણીનીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને પણ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જ સારવાર માટે રાખવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૩૦ના જી.ટી.એસ. છાપરા તરીકે ઓળખાતા વિસ્તારમાંથી આ કોરોના પોઝીટીવનો કેસ મળતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. તંત્રએ આ વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોનમાં મુકી દીધેલ છે. જાહેરનામામાં જણાવ્યા મુજબ આ વિસ્તારમાં ૪૦ જેટલા જ લોકો રહી રહ્યા છે. જો કે જી.ટી.એસ. વિસ્તારમાં આવેલ આ ઝુંપડપટ્ટી સહિતના વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોનમાં મુકવામાં આવેલ છે. શહેરમાં હાલ ૫૨૨ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. જેમાં ૧૦૧ લોકો ક્વોરોન્ટાઈન ફેસીલીટી સેન્ટરમાં છે જ્યારે ૪૨૧ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે.

એક્ઝીબીશન સેન્ટર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાર્ટ સમા વિસ્તાર સે-૧૭માં સ્થિત એક્ઝીબીશન સેન્ટરની જગ્યા પણ વિશાળ છે. રહેણાંક વિસ્તારથી દુર આ સેન્ટરમાં વિવિધ એ સી ડોમ પણ છે. જેમાં જરૂર મુજબ કોરંન્ટાઈન અને કોવિડ સેન્ટર કાર્યરત કરી શકાય તેવી સુવિધાઓ પણ છે. એક જ જગ્યાએ વધુ દર્દીઓને અહીં સારવાર આપી કોરંન્ટાઈન સુવિધા પણ પુરી પાડી શકાય તેવી આ જગ્યાનો ઉપયોગ પણ આગામી દિવસોમાં થઈ શકે તેમ છે. જેના લીધે કોરંન્ટાઈન કરવા સહીત કોવિડ સેન્ટર સંબંધિત કામગીરી સરળ બની શકે તેમ હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે.

સમગ્ર રાજયમાં કોરાનાના કેસ દિનપ્રતિદિન વધી રહ્યા છે. આરોગ્ય વિભાગ પણ કોરોનાની મહામારીને અંકુશમાં લેવા માટે અગાઉ કરતા ટેસ્ટીંગ પણ વધુ કરવામાં આવી રહ્યા છે. જયારે દર્દીને અનુલક્ષી સંપર્કમાં આવેલા અન્ય વ્યકિતઓને પણ કોરંન્ટાઈન કરવા માટે પણ વિશેષ આયોજન કરાયુ છે. હાલ શહેર તેમજ જિલ્લામાં વિવિધ કોરંન્ટાઈન સેન્ટરો પણ કાર્યરત છે. કોવિડ કેર સેન્ટર પણ કાર્યરત કરાયા છે આ ઉપરાંત સંક્રમણની સંભાવનાને અનુલક્ષી સંબંધિત વિસ્તારમાં નાગરિકોને હોમ કોરંન્ટાઈન પણ કરવામાં આવી રહ્યા છે. સે-૧૬ યુથ હોસ્ટેલ, સે-૧૭ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, પ્રેક્ષા ભારતી કોબા સહીતના સ્થળ હાલ કોરંન્ટાઈને સેન્ટરમાં ફેરવાયા છે.હાલ દેશના વિવિધ મોટા શહેરોમાં પણ કોરોનાના કેસ વધુ હોવાથી આનુસંગિક સુવિધાઓ ઉભી કરવા સહીત આરોગ્ય સેવા પુરી પાડવા માટેના મામલે અનેક સમસ્યાઓ મુંઝવણ રૂપ બની રહી છે. જયારે ગાંધીનગર વિસ્તારની દ્રષ્ટીએ આમ પણ ગીચ નથી જયારે શહેરના હાર્દસમા વિસ્તાર સે-૧૭ માં સ્થિત હેલીપેડ મેદાનમાં વાઈબ્રન્ટને અનુલક્ષી વિશાળ ડોમ બનાવાયા છે. આ એક્ઝીબીશન સેન્ટરમાં સઘળી સુવિધા છે. ત્યારે કોરોનાના દર્દીઓને અનુલક્ષી આ સ્થળે કોરંન્ટાઈન સેન્ટર તેમજ કોવિડ કેર સેન્ટર પણ કાર્યરત કરી શકાય તેમ છે. અમદાવાદ સહીત અન્ય શહેરના દર્દીઓ માટે પણ આ સ્થળનો યોગ્ય ઉપયોગ થઈ શકે તેમ છે. સમગ્ર એક્ઝીબીશન સેન્ટર ખુલ્લા મેદાનમાં તૈયાર કરાયુ છે. ત્યારે રહેણાંક વિસ્તારથી સેન્ટર સલામતીના અંતરે પણ છે. જયારે સેન્ટરમાં નિર્માણ કરાયેલા વિવિધ ડોમ પણ એરેકન્ડીશન્ડ છે. સઘળી સુવિધાઓ ઉપલબ્ધ છે. જયારે એક જ ઠેકાણે મોટી સંખ્યામાં સંક્રમિતો સહીત કોરંન્ટાઈન કરવા યોગ્ય શંકાસ્પદ દર્દીઓને યોગ્ય સારવાર આપવાનુ પણ સરળ બની શકે તેમ છે. દેશના વિવિધ મોટા શહેરમાં કેટલાક ઠેકાણે ખુલ્લા મેદાનમાં નવી હોસ્પિટલ તૈયાર કરવામાં આવી રહી છે. જયારે ગાંધીનગરમાં આ એક્ઝીબીશન સેન્ટરનો હાલ આ ઉપયોગમાં પણ લઈ શકાય તેમ છે.

મુક્ત કરવો જોઈએ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુકત કરી દેવાય તેવી લાગણી અને માગણી પણ નાગરિકો વ્યકત કરી રહ્યા છે. જયારે જે સેકટરમાં કેસ નોંધાયો હોય ત્યાં શક્ય હોય તેમ સોસાયટી પુરતો જ કન્ટેનમેન્ટ ઝોન રાખવા માટે પણ નાગરિકો સુચન કરી રહ્યા છે. શહેરમાં છેલ્લા ઘણાં સમયથી કન્ટેનમેન્ટ ઝોનમાં આવતા વિસ્તારને હવે થોડી હળવાશ મળે તેવી પણ લાગણી આમ નાગરિકોએ વ્યકત કરી છે.

થાળે પડ્યું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઊદ્યોગો શરૂ કરવા દેવાની અનૂમતિ મુખ્યમંત્રીએ આપી હતી અને તે પછી તા.૧૪મી મેના દિવસથી રાજકોટ મહાનગરમાં કન્ટેઈનમેન્ટ ઝોન બહારના વિસ્તારોમાં ઊદ્યોગોને છૂટ આપવામાં આવી છે. મુખ્યમંત્રીના સચિવે ઉમેર્યુ કે, તા.૧૯મી મે થી લોકડાઉન-૪ માં પણ કેટલીક શરતો અને નિયમોને આધિન રહીને ઊદ્યોગો, વેપાર, ધંધા, બાંધકામ પ્રોજેકટસ શરૂ કરવાની મોટાપાયે છૂટ આપવામાં આવેલી છે. તેમણે કહ્યું કે, રાજ્યભરમાં કન્ટેઈનમેન્ટ ઝોન સિવાય બાંધકામ પ્રોજેકટસ પણ પૂનઃ ધબકતા થયા છે અને શ્રમિકોને મોટાપાયે રોજગારી મળતી થઈ છે.

કોરોના સંકટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સૂત્રોએ કહ્યું કે કોરોના વાઈરસનો ચેપ વધતો અટકાવવા કેન્દ્ર સરકારે જનતા કર્ફ્યુ, લોકડાઉન, રાત્રિ કરફ્યુ, માત્ર દૂધ અને દવાની દૂકાનોને જ મંજૂરી અને એવા બધા કડક પગલા લીધા છતાં કેસ વધતા રહ્યાં અને ગણતરીના દિવસોમાં જ કેસો ઝડપથી ૧.૨૫ લાખ સુધી પહોંચી ગયા છે. જેમાં છેલ્લાં કેટલાક દિવસોમાં તો રોજે રોજ ૫ હજાર કરતાં વધારે કેસો બહાર આવી રહ્યાં છે.

કોરોનાના કારણે દેશમાં ૪૨.૩ ટકા લોકોના મોત માત્ર મહારાષ્ટ્રમાં થયા છે. શનિવાર સવાર સુધી કોરોનાના ૨૯૪૦ નવા કેસ સામે આવ્યા હતા. શનિવારે સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આ આંકડા પ્રમાણે ભારતમાં સંક્રમિતોની સંખ્યા સવા લાખને પાર પહોંચી છે. આ અઠવાડિયામાં બીજી વખત એવું થયું છે જ્યારે એક જ દિવસમાં ૬ હજારથી વધારે કેસ નોંધાયા હોય. છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૭ લોકોનાં મૃત્યુ થયાં છે, જે પછી ભારતમાં મહામારીથી મૃત્યુ પામનારા લોકોની સંખ્યા ૩,૭૨૦ થઈ ગઈ છે. કોવિડ-૧૯થી સંક્રમિતોના સ્વસ્થ થવાનો દર ૪૧ ટકા જેટલો છે. અત્યાર સુધીમાં ૫૪૦૦૧ લોકો સ્વસ્થ થયા છે.

તો બીજી બાજુ મુંબઈથી પ્રવાસી મજૂરોનો જવાનો સિલસિલો યથાવાત છે. પણ ટ્રેન રદ થવાના કારણે તેમને તકલીફ પડી રહી છે, જે પોતાનું બધું લઈને મકાન છોડીને સ્ટેશન પર આવી ગયા હતા. તેમનું કહેવું છે કે હવે અમને અમારા ભાડાના મકાન પાછા નહીં મળે. આમાથી ઘણા મજૂરો ત્રણ દિવસથી વડાલામાં પોલીસ સ્ટેશન પાસે સુઈ રહ્યા છે. તમિલનાડુમાં આવતી કાલથી સલૂન અને બ્યુટી પાર્લર ખુલશે. સરકારે એ માટેની મંજૂરી આપી છે. પહેલી શ્રમિક ટ્રેન ચેન્નાઈથી નાગાલેન્ડના દીમાપુર પહોંચી હતી જેમાં ૧૪૭૭ શ્રમિક સવાર હતા.

દરમ્યાનમાં ,કોરોના સામે લડવા માટે હાઈડ્રોક્સિક્લોકોક્વિન દવા અસરકારક સાબિત થઈ છે. ત્યારે કેન્દ્ર સરકારે હાઈરિસ્ક ઝોનમાં ડ્યૂટી કરતા સ્વાસ્થ્યકર્મીઓ સહિત અન્ય કોરોના વોરિયર્સને એન્ટિબાયોટિક તરીકે હાઈડ્રોક્સિક્લોરોક્વિન આપવામાં આવશે. નેશનલ ટાસ્ક ફોર્સે જણાવ્યું છે કે, આ દવા લેનારા દિલ્હી એઈમ્સમાં સહિત અન્ય હોસ્પિટલોમાં કામ કરતા સ્વાસ્થ્યકર્મીઓમાં સંક્રમણ ફેલાવવાનો ખતરો ઓછો થઈ ગયો છે.

ભારતમાં કોરોના વાયરસ(કોવિડ-૧૯)ના કેસોમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. રોજ હજારોની સંખ્યામાં નવા કેસ સામે આવી રહ્યા છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે શનિવારે જણાવ્યુ કે છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં કોરોના વાયરસના કેસોમાં ૬,૬૫૪ કેસોની અત્યાર સુધીનો સૌથી વધુ વધારો થયો છે અને ૧૩૭ મોત થયા છે. દેશમાં અત્યાર સુધી કોરોના વાયરસ પૉઝિટીવ કેસોની કુલ સંખ્યા ૧,૨૫,૧૦૧ છે જેમાં ૬૯,૫૯૭ સક્રિય કેસ અને ૩,૭૨૦ મોત શામેલ છે.

હ્યુમન ટ્રાયલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અંગે પોલાર્ડે જણાવ્યું છે કે રસી વિશે કોઈ આગાહી કરી શકાતી નથી. વિશ્વના સૌથી મોટી વેક્સિન ઉત્પાદક સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઈન્ડિયાના ચીફ એક્ઝિક્યુટીવ અદાર પૂનાવાલાએ કહ્યું કે કોવિડ-૧૯ રસી તૈયાર કરવામાં ૨ વર્ષનો સમય લાગે તેવી સંભાવના છે. તેમણે કહ્યું કે આ વર્ષના અંત સુધીમાં રસી મળે તે શક્ય છે. તેમણે કહ્યું કે આ બધું યુકેની રસીના ટ્રાયલ પર આધારિત છે જે હવે બીજા તબક્કામાં પહોંચી ગયું છે.

મમદ માંગી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓડિશાના વિશેષ રાહત કમિશનર પ્રદીપ જેનાએ કહ્યું કે ઓડિશા પશ્ચિમ બંગાળમાં રાહત કાર્યમાં પણ મદદ કરશે. તેમણે કહ્યું, 'ઓડિશા સરકારે ઓડિશા ડિઝાસ્ટર રેપિડ એક્શન ફોર્સના ૫૦૦ જવાનો અને ફાયર વિભાગના ૫૦૦ જવાનોને પશ્ચિમ બંગાળમાં પડેલા ઝાડ દૂર કરવા, માર્ગ સાફ કરવા અને અન્ય રાહત કામગીરી માટે મોકલવાનો નિર્ણય કર્યો છે.' શુક્રવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળના ચક્રવાત પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લીધી હતી. તેમણે રાજ્યમાં આપત્તિથી તાત્કાલિક રાહત માટે ૧૦૦૦ કરોડ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. જોકે, મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે રાજ્યમાં આવેલા ચક્રવાતને કારણે ૧ લાખ કરોડનું નુકસાન થયું છે. ચક્રવાત અમ્ફને પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતા સહિત રાજ્યના અડધો

ડઝન જિલ્લાઓમાં વિનાશકારી દ્ર